# હોસ્પિટલ સ્ટાફે પુરતુ ધ્યાન ન આપતા મહિલા દર્દી બાટલો લઈને બહાર સુઈ ગઈ..!

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સેવાઓ રોજબરોજ કથળતી જતી હોય તેવુ લાગી રહ્યું છે. જિલ્લાવાસીઓને આરોગ્યલક્ષી સુવિધાઓ વધુ અને સરળતાથી પ્રાપ્ત થાય તે માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરીને તંત્ર દ્વારા આધુનીક હોસ્પિટલ તૈયાર કરાઈ છે. પરંતુ હોસ્પિટલનો વહીવટ કથળતો જાય છે. હોસ્પિટલમાં રોજ અજીબોગરીબ કિસ્સા સામે આવે છે. ત્યારે પ્રાપ્ત વિગત મુજબ તાજેતરમાં રાત્રીના સમયે એક મહિલા દર્દી પેટ અને માથાના દુઃખાવાને પગલે તાત્કાલિક સારવાર વિભાગમાં આવી હતી. હોસ્પિટલના સ્ટાફ દ્વારા ચેક-અપ કર્યા બાદ બોટલ ચડાવવામાં આવી હતી. પરંતુ મહિલા દર્દીની ફરિયાદ મુજબ દુઃખાવો બંધ થતો નહોતો અને હાજર સ્ટાફના કર્મચારીઓએ પુરતુ ધ્યાન આપ્યુ નહોતુ. જેથી અકળાઈ ઉઠેલી મહિલા દર્દીએ પલંગ પરથી ઉભી થઈને સીધી બહાર ચાલી નીકળી હતી. અને બોટલ સાથે બહાર ફૂટપાથ પર સુઈ ગઈ હતી.આ કિસ્સાથી તુરંત હોસ્પિટલના તાત્કાલિક વિભાગનો સ્ટાફ દોડતો થઈ ગયો હતો અને ચિંતાગ્રસ્ત બની ગયો હતો. આ મહિલાને સમજાવીને પરત તાત્કાલિક વિભાગમાં લાવીને સારવાર આપવામાં આવી હતી.

# એન. કે. સ્કુલ ઓફ કોમર્સ ખાતે મહિલા સશકિતકરણ અંગે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

રાજયમાં ૧-૮-૦૨૦૧૭થી ૧૫ ઓગસ્ટ ૨૦૧૭ દરમિયાન મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી થઈ રહી છે. નામદાર સુપ્રિમ કોર્ટની સુચના અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ડિસ્ટ્રીકટ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે મહિલા કાયદા-રક્ષણ, મહિલા હક્કો તથા અધિકારોની જાગૃતિ ફેલાવવા અંગે, મહિલા સશકિતકરણમાં વિશેષ યોગદાનરૂપે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન શહેરની એન.કે. સ્કુલ ઓફ કોમર્સ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાનૂની શિક્ષણ શિબિરમાં કોર્ટ પ્રતિનિધિ પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ મહિલા સશકિતકરણ કાયદાઓ અધિકારો અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. પેરાલીગલ વોલન્ટીયર વિમળાબેન અયાચી, રાજુભાઈ ગજ્જર, જીગીષાબેન ઉપાધ્યાય વગેરેએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે સ્કૂલના સંચાલક આઝાદભાઈ મન્સુરી મુખ્ય મહેમાન પદે શ્રીમતી હેમાદ્રી જાની, પ્રિન્સિપાલ નિયામક રાજેશભાઈ દરજી, આશિષભાઈ મનસુરીએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## છાલા ખાતે મહિલા આરોગ્ય દિવસની ઉજવણી

તાલુકાના છાલા ગામે મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત મહિલા આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગામની સગર્ભામાતા, ધાત્રીમાતા, મહિલાઓને આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી. પ્રાંતિયા પ્રા. આ. કેન્દ્રના સુપરવાઈઝર શ્રીમતી વી.એમ. ગોહિલ, એફ.એચ.ડબલ્યુ એ.એસ. મેણાત, આશા ફેસીલેટર વર્ષાબેન, જસ્મીતાબેન પટેલ, આશાવર્કર બહેનો હાજર રહ્યા હતા.



આજે કોન્સ્ટીટ્યુશન ક્લબ ઓફ ઈન્ડીયાના માવલંકર હોલમાં એક શાનદાર સમારંભમાં કેન્દ્રના માનવ સંસાધન મંત્રાલયના રાજયમંત્રીશ્રી ડૉ.મહેન્દ્રનાથ પાંડેના હસ્તે શ્રી ભાગ્યેશ જહાનું 'સંસ્કૃત સેવાવ્રતી' તરીકે સન્માન થયું હતું. આ સમારોહમાં રાષ્ટ્રીય સંસ્કૃતસંસ્થાનના કુલપતિ પરમેશ્વરશાસ્ત્રી, લાલબહાદુરશાસ્ત્રી સંસ્કૃત વિશ્વવિધ્યાલયના કુલપતિ રમેશચન્દ્રપાંડે, દેશના ટોચના ગણમાન્ય પંડિતો, તિરુપતિ,કાશી અને દિલ્હીના આચાર્યો, વિદ્વાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે સંસ્કૃતમાં પોતાનો પ્રતિભાવ આપતાં શ્રી જહાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં સંસ્કૃતનું વાતાવરણ સર્જવામાં કેવી પ્રેરણા પુરી પાડેલી તે જણાવ્યું. પોતાની સંસ્કૃતયાત્રામાં શિક્ષકપિતા વાસુદેવ જહા, પ્રાધ્યાપક ડૉ.ભગવતીપ્રસાદ પંડ્યા અને સંતરામ મહારાજની કૃપાને યાદ કરી હતી. શ્રી જહાએ તેમની સંસ્કૃત કવિતાઓ રજુ કરી સૌના દિલ જીતી લીધા હતા. પ્રો.રમાકાન્તપાડે દ્વારા સન્માનપપત્રનું વાંચન કરવામાં આવ્યું હતું.

# આજે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ આરોગ્ય તંત્ર દ્વારા ઉજવવામાં આવશે

## જિલ્લાના સાડા ત્રણ લાખથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે : ડો. જાગાણી

ગાંધીનગર, તા. ૯

જિલ્લામાં આજે રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીમાં જિલ્લાના ૧ થી ૧૯ વર્ષની આયુ ધરાવતા ૩,૫૭,૭૪૫ બાળકો તેમજ ગાંધીનગર શહેરના ૪૭,૬૮૬ બાળકોને આવરી લેવામાં આવશે.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. દિપક જાગાણીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે આ માટે દવાનો પુરતો જથ્થો જિલ્લાતંત્રને મળી ચુક્યો છે અને તે દરેક ગામ સુધી પહોંચાડી પણ દેવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે આ માટેનું માઈક્રોપ્લાનીંગ તેમજ તાલિમની કામગીરી પણ સંપન્ન કરી દેવામાં આવી છે. આ માટેની ડેટા એન્ટ્રી પણ કરવામાં આવનાર હોવાનું તેમણે કહ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૧,૬૬,૫૪૫ બાળાઓ અને ૧,૯૧,૧૯૦ બાળકોને આ દિવસ અંતર્ગત આવરી લેવામાં આવનાર છે. જેમાં દહેગામ તાલુકામાં ૭૧,૪૩૭ બાળકો, કલોલમાં ૮૫,૭૧૦ બાળકો, માણસામાં ૫૦,૩૭૫ બાળકો અને ગાંધીનગરમાં ૧,૦૨,૫૭૭ બાળકોને આવરી લેવામાં આવશે.

ડૉ. જાગાણીએ કહ્યુ હતુ કે આ માટે ખાસ ટીમો બનાવવામાં આવી છે અને તેનું આખા દિવસ દરમ્યાન મોનીટરીંગ પણ કરવાનું આયોજન કરવામાં ઓલ છે. કલોલમાં આ દિવસની ઉજવણી માટે એક રેલીનું પણ આયોજન કરાયું હતું.

# જિલ્લાની ૨૦૩ શાળામાં રમત-ગમતના મેદાન નથી

## જિલ્લામાં બે વર્ષમાં પીવાના પાણી માટે ૯૦ માંગણીઓ આવી છે : ગાંધીનગર સિવિલમાંથી ૨૦૧૫માં ૩૭૨૮ દર્દી અમદાવાદ રિફર કરવામાં આવ્યા : ૨૫ પ્રા. શાળાના ૩૭ કોમ્પ્યુટરોની ચોરી થઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૩૪ નવી ખાનગી પ્રા. શાળાઓ ખોલવાની મંજૂરી આપવામાં આવી હોવાનું રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ વિધાનસભામાં લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૧૧-૧૨ થી ૧૫-૧૬ સુધીના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કુલ ૧૬૩ અરજીઓ નવી શાળાઓની મંજૂરી માંગતી મળી હતી. જે પૈકી ૧૩૪ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને ૩૧ અરજીઓ ના મંજૂર કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યુ છે કે ૨૦૧૩-૧૪માં સૌથી વધુ અરજીઓ નવી પ્રા. શાળાની મંજૂરી માંગતી મળી હતી જેની સંખ્યા ૫૦ છે. જે પૈકીની ૪૧ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને નવ અરજીઓ નામંજૂર કરાઈ હતી. સૌથી વધુ અરજીઓ ૨૦૧૨-૧૩ના વર્ષમાં નામંજૂર કરવામાં આવી હતી જેની સંખ્યા ૧૦ છે.

૨૦૧૧-૧૨માં ૧૯ અરજીઓ, ૧૨-૧૩માં ૩૩ અરજીઓ, ૧૩-૧૪માં ૫૦ અરજીઓ, ૧૪-૧૫માં ૩૪ અરજીઓ અને ૧૫-૧૬માં ૨૭ અરજીઓ મળી હતી. જે પૈકી ૧૧-૧૨માં ૧૬, ૧૨-૧૩માં ૨૩, ૧૩-૧૪માં ૪૧, ૧૪-૧૫માં ૩૪ અને ૧૫-૧૬માં ૨૦ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

**● જિલ્લાની શાળામાં કોમ્પ્યુટરની ચોરી**

ગાંધીનગર જિલ્લાની ૨૫ પ્રા. શાળાઓમાંથી ૩૭ કોમ્પ્યુટરોની ચોરી છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન થઈ હોવાનું પણ કોંગીના ગ્યાસુદ્દીન શેખના પ્રશ્નના લેખિત ઉત્તરમાં શિક્ષણમંત્રી ચુડાસમાએ જણાવ્યું છે. ચોરીના બનાવો ના બને તે માટે સરકાર દ્વારા વિવિધ પગલાંઓ પણ લેવામાં આવ્યા હોવાનું મંત્રીએ આ લેખિત પ્રશ્નના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

**● રમત-ગમતના મેદાન વગરની શાળાઓ**

રાજયના શિક્ષણમંત્રીએ આજે એ વાતનો પણ સ્વીકાર કર્યો છે કે જિલ્લામાં ૨૦૩ પ્રા. શાળાઓ એવી છે જ્યાં રમત-ગમતનું મેદાન નથી. તેમણે જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૪૩ સરકારી પ્રા. શાળાઓ અને ૬૦ ખાનગી પ્રા. શાળાઓ એવી છે જ્યાં બાળકો માટે રમત-ગમતનું મેદાન ઉપલબ્ધ નથી.

જો કે તેમણે એવી પણ સ્પષ્ટતા કરી છે કે છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન જિલ્લામાં ૪ સરકારી શાળાઓમાં રમત-ગમતના મેદાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. બાકી રહેતી શાળાઓમાં મહેસુલી રાહે જમીન ઉપલબ્ધ થતાં જ મેદાનની સુવિધા ઉભી કરવામાં આવશે.

**● કલોલમાં આગના બનાવ**

કોંગીના બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં ૩૧-૩-૧૭ની સ્થિતિએ બે વર્ષમાં બનેલા આગના બનાવો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે કુલ ૪૩ બનાવો બન્યા હતા.

જેમાં બે વ્યક્તીઓની જાનહાનિ નોંધી છે તેમ પણ તેમણે બેઠકપૂર્વક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

**● જિલ્લામાં પીવાના પાણી માટેની માંગણી**

**વિધાનસભામાં ગાંધીનગર**

કોંગીના જ બળદેવજી ઠાકોરે ૩૧-૧-૧૭ની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પીવાના પાણીની સુવિધા માટે આવેલ માંગણી અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીએ જણાવ્યું છે કે તા. ૧-૨-૧૫ થી ૩૧-૧-૧૬ દરમ્યાન ૪૩ અને ૧-૨-૧૬ થી ૩૧-૧-૧૭ દરમ્યાન ૪૭ એમ કુલ મળી ૯૦ માંગણીઓ આવી હતી.

આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૬ ઓવરહેડ ટાંકીઓ બનાવવા માટે રૂ. ૧૯૪.૫૨ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૨૧-૬૩ લાખનો ખર્ચ થઈ ચુક્યો છે. ૧૦ કામ પૂર્ણ થયા છે. તેમજ રૂ. ૪૨.૭૯ લાખનો ખર્ચ કરવાનો બાકી છે.

**● અને છેલ્લે...**

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી સને ૨૦૧૫માં કુલ ૩૭૨૮ દર્દીઓને જે તે રોગની સઘન સારવાર જરૂરી જણાતાં તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવેલ છે.

સિવિલ હોસ્પિટલમાં પ્રસુતાઓ પાસેથી નિયમિત ફરજીયાત રૂપિયા ઉઘરાવતા આરોગ્ય કર્મચારીઓ અંગેની કોઈ ફરિયાદ સરકારને મળી નહિ હોવાનું પણ આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે.

# નવીન શાહના અપહરણ બાદ અને હત્યા પહેલા લૂંટ પણ થઈ હતી..!

**નવીન શાહની ગાયબ થયેલી સોનાની ચેઈન, હીરાની વીંટી અને પાકીટ પૈકી સોનાની ચેઈન આરોપી રમેશની ગાડીમાંથી મળી : રમેશ અને જીગ્નેશના વધુ બે દિવસના રિમાન્ડ મંજુર : અપહરણ કરતી વખતે સફારીમાં બેઠેલા અન્ય ત્રણ આરોપીઓને પકડવા એલસીબીની દોડધામ**

ગાંધીનગર, તા. ૯

હાઈપ્રોફાઈલ નવીન શાહ હત્યા પ્રકરણમાં ગાંધીનગર એલસીબીએ અત્યાર સુધી ગુનામાં વપરાયેલી ચાર ગાડીઓ જપ્ત કરી છે. તે પૈકી એક આરોપી રમેશની ગાડીમાંથી નવીન શાહની સોનાની ચેઈન મળી આવી છે. નવીન શાહના અપહરણ બાદ અને તેમની હત્યા પહેલા લુંટ કરવામાં આવી હોવાનું ખુલતા હવે લુંટનો ગુનો ઉમેરાશે. નવીન શાહને અપહરણની વાત કહેતા બુમાબુમ થઈ ત્યારે ત્યારે રમેશે મોં પર સેલોટેપ બાંધી દઈ સોનાની ચેઈન લુંટી લીધી હોવાનું ખુલ્યું છે. રમેશ અને જીગ્નેશના કોર્ટે વધુ બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. તે ઉપરાંત ગુનામાં વપરાયેલી વધુ એક અલ્ટોકાર એલસીબીએ જપ્ત કરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી. પુરોહીત તથા તેમની ટીમે અત્યાર સુધી નવીન શાહ અપહરણ હત્યા પ્રકરણમાં ચાર આરોપીઓ શૈલેષ, રમેશ, જીગ્નેશ અને બંકિમચંદ્રની ધરપકડ કરી લીધી છે. તે પૈકી બે વ્યક્તિઓ અપહરણ કરતી વખતે સફારી ગાડીમાં હતા જે શૈલેષ અને રમેશ છે અને અન્ય બે પૈકી જીગ્નેશે નવીન શાહની વિગતો આપી પ્લાન આપવામાં અને બંકિમચંદ્ર નવીન શાહને ફોન કરીને સ્થળ પર બોલાવવાના રોલમાં હતો. એલસીબીએ ગઈકાલે વધુ એક અલ્ટો ગાડી જપ્ત કરી લીધી છે જે આ ગુનામાં વપરાઈ હતી. અત્યાર સુધી ચાર ગાડીઓ એલસીબીએ જપ્ત કરી છે અને રીકન્સ્ટ્રક્શન દરમ્યાન વધુ બે ગાડીઓ વપરાઈ હોવાનું પણ ખુલ્યુ છે. એક સ્વીફ્ટ અને બીજી જીપ્સી ગાડી આ ગુનામાં વપરાઈ હતી તેને જપ્ત કરવાની દિશામાં કામગીરી ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. નદીમાંથી પોલીસને મહત્વનો પુરાવો નવીન શાહનું આઈકાર્ડ મળી આવ્યુ છે. હવે ફાયરીંગ કરવા વપરાયેલુ વેપન ક્યાં પડ્યુ છે તેની તપાસ શરૂ કરવામાં આવી છે. નવીન શાહનો મૃતદેહ મળ્યો ત્યારે એક સોનાની ચેઈન, હિરાની વીંટી અને તેમના ખીસ્સામાંથી પર્સ ગાયબ હતુ. તે પૈકી સોનાની ચેઈન આરોપી રમેશની ગાડીમાંથી મળી આવતા રમેશની સઘન પુછપરછમાં બહાર આવ્યુ કે તેમણે નવીન શાહના મોં પર સેલોટેપ બાંધી દઈને ચેઈન લુંટી લીધી હતી. રમેશ અને જીગ્નેશના વધુ બે દિવસના રિમાન્ડ મળતા એલસીબીએ લુંટનો બીજો મુદ્દામાલ રિકવર કરવા અને અન્ય ફરાર આરોપીઓ પકડવા તજવીજ શરૂ કરી છે. નવીન શાહનું અપહરણ કરી હત્યા થઈ તે સફારી ગાડીમાં પાંચ વ્યક્તિઓ બેઠા હતા. તે પૈકી બે આરોપીઓ શૈલેષ અને રમેશ પકડાઈ ગયા છે. જ્યારે અન્ય ત્રણ આરોપીઓને પકડવા એલસીબીએ ચક્રો ગતિમાન કર્યા છે.

# ગાંધીનગ-માણસા તાલુકાની ૫૦૦ મહિલાઓને ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ કનેકશન અપાયા

ગાંધીનગર અને માણસા તાલુકાની કુલ-૫૦૦ મહિલાઓને ઉજ્જવલા યોજના અંતર્ગત આજરોજ ગેસ કનેકશન આપવામાં આવ્યા હતા. જેમાં માણસા



તાલુકામાં ૩૫૦ મહિલાઓને અને ગાંધીનગર તાલુકામાં ૧૫૦ મહિલાઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે.

માણસાની ૪૧ ગામ કડવા પાટીદાર વાડી ખાતે યોજાયેલ કાર્યક્રમને ખુલ્લો મુકતાં જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે જણાવ્યુંહતું કે, માણસા તાલુકાને ખૂબ જ ટુંકા સમયમાં કેરોસીન મુક્ત તાલુકો બનાવવાનો છે. આ અભિયાનમાં સર્વે તાલુકાના અગ્રણીઓ અને નાગરિકોને સાથ સહકાર આપવા પણ અપીલ કરી હતી. મહિલાઓને ચુલા પર રસોઈ બનાવવાથી તેમને અને પરિવારના નાના બાળકોના સ્વાસ્થ્ય પર શું અસર થાય છે, તેની વિસ્તૃત વાત કરી હતી. તેમજ વાતાવરણમાં લાકડા સળગાવાથી કેવું પ્રદૂષણ ફેલાય છે, તેની દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. ગેસ કિટ્સ મળતાં અનેક ગરીબ કુટુંબોની મહિલાઓ ચુલો બંધ થતાં ખુશ થઈ છે. તેવું પણ જણાવ્યું હતું.

ગાંધીનગર તાલુકાની ૧૫૦ મહિલાઓને ઉજ્જવલા ગેસ કનેકશન આપવાનો કાર્યક્રમ રાંધેજા ખાતે યોજાયો હતો. જેમાં ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ સહિત સ્થાનિક આગેવાનોના હસ્તે લાભાર્થી મહિલાઓને ગેસ કનેકશન અર્પણ કરવામાં આવ્યા હતા.

# શહેરમાં ૨૩મા આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૯

શહેરમાં આજે ૨૩માં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની દબદબાભેર ઉજવણી સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે કરવામાં આવી ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાન વી.એમ.પારગી, ડી.જી અરસોડા,પ્રવિણભાઈ સુતરીયા, રવિભાઈ પાંડોર, ઉમેશભાઈ વસાવા સહિતના હાંકલ કરી હતી. આ પ્રસંગે આદિવાસી સમાજના વિવિધ સંગઠનોના હોદેદારો -સભ્યો સહિત સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહીને




હતી. આ પ્રસંગે આદિવાસની સમાજના વિવિધ સંગઠનોના હોદેદારો તેમજ ભાઈ બહેનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સમાજના આગેવાનોએ પ્રાસંગીક ઉદબોધન કર્યુ હતું. જયારે સમાજના યુવાનો વિવિધ કૃતિઓ રજુ કરી હતી.

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ ગાંધીનગર, દાહોદ પંચમહાલ મહિસાગર આદિવાસી સમાજ, દક્ષિણ ગુજરાત ચૌધરી સમાજ, વસાવા સમાજ, સહિત આદિવાસી સમાજના અનેક સંગઠનોના સંયુકત ઉપક્રમે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી આયોજન સે-૧૨ આંબેડકર હોલ મહેમાનોએ દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનોએ મહેમાનોનું બુકે આપી સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે સમાજના યુવાનોએ વિવિધ કલાકૃતિઓ રજુ કરી હતી. ત્યારબાદ કાર્યક્રમને આગળ ધપાવતા મહેમાનોએ સમાજ માટે પ્રેરણારૂપ પ્રાસંગીક ઉદબોધન કર્યુ હતું. જયારે આદિવાસી એકતાના સંદેશ સાથે સમાજના આગેવાનોએ સે-૧૨ના માર્ગ પર રેલી નીકાળી હતી. સમાજના નાગરીકોને બંધારણીય હક્કો માટે જાગૃત થઈ સર્વાંગી વિકાસની કેડી કંડારીયે અને રાષ્ટ્ર વિકાસમાં સહભાગી બનવા કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જયારે આદિવાસી સમાજના યુવાવર્ગ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારીઓ કરી શકે તે માટે ડુંગરી ગરાસીયા અકેડમી પણ શરુ કરવામાં આવી છે. જેમાં સમાજના યુવાન ભાઈ બહેનો મોટીસંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

**Name Changed**

My current name is **Kuldip J. Parekh** which has been changed to **Kuldeep J. Parekh.**

**Kuldeep J. Parekh**
Plot No. 344/B, Sector-8,
Gandhinagar-382007

# યુ-મુંબા કબડ્ડી ટીમ અક્ષરધામની મુલાકાતે

પ્રો-કબડ્ડીના કારણે યુવાવર્ગ તથા બાળકોમાં ભારતીય પરંપરાગત રમત કબડ્ડી પ્રત્યે ક્રેઝ વધતો જાય છે. ક્રિકેટ, ફૂટબોલ, હોકી અને રેસલીંગ બાદ કબડ્ડીના આ પ્રોફેશ્નલ વર્ગને નવો ચાહકવર્ગ ઉભો કર્યો




છે. પ્રો-કબડ્ડીમાં ટ્રોફીની દાવેદાર મનાતી ટીમોમાં યુ-મુંબા ટીમ મોખરે છે. યુ-મુંબાની કબડ્ડી ટીમે આજે ગાંધીનગરના સુપ્રસિદ્ધ અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે રસાકસી ભરેલી ફાઈનલમાં છેલ્લી ઘડીએ ટ્રોફી ચુકી જનાર યુ-મુંબાની ટીમે આ વર્ષે ઘણા નવા ખેલાડીઓ સામેલ કર્યા છે અને કેપ્ટન અનુપકુમાર સમગ્ર ટીમને પ્રેરિત કરતુ પરફોર્મન્સ આપી રહ્યાં છે. અક્ષરધામની મુલાકાત લઈ કેપ્ટન, કોચ સહિત સમગ્ર ટીમે ભગવાન સ્વામિનારાયણના આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

**ટુંકી મુદતની જાહેર નિવિદા**

આથી રેફરલ હોસ્પિટલ અને સા.આ.કેન્દ્ર, બાયડની હોસ્પિટલ ખાતે દાખલ થતાં દર્દીઓને તૈયાર ભોજન આપવા તેમજ હોસ્પિટલના વપરાતા કપડાં ધોલાઈ માટેનો વર્ષ ૨૦૧૭-૧૮ના તા. ૧/૯/૧૭ થી ૩૧/૮/૧૮નો વાર્ષિક ઈજારો આપવાનો હોઈ લાગતા વળગતા ઈજારદારો સંબંધિત કેન્દ્રમાંથી ઈજારાના ટેન્ડરો રૂબરૂમાં રૂ.૧૦/- ટેન્ડર ફી ભરીને જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દિન-પાંચમાં સા.આ. કેન્દ્ર, બાયડ ખાતેથી મેળવી લેવાના રહેશે. ટેન્ડરમાં દર્શાવેલ શરતોને આધિન રહી ટેન્ડર ભરીને તા. ૨૪/૮/૧૭ના રોજ સુધીમાં આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે. મુદતવિતિ તારીખ પછી મોકલવામાં આવેલ કે મળેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં. ભોજન માટેના ટેન્ડર કવર ઉપર 'ભોજન ટેન્ડર' તથા ધોલાઈ માટે 'ધોલાઈ ટેન્ડર' દર્શાવવું.

વધુ વિગત માટે રજા સિવાયના દિવસોમાં સંબંધિત કચેરીમાં સંપર્ક કરવો.

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૨૮૭/૨૦૧૭-૧૮

**નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.૫ વર્ષ ૨૦૧૭-૨૦૧૮**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા ગુજરાત રાજયના માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી અત્રેના વિભાગ હસ્તકના કામ માટે ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે.

| કામનું નામ | અંદાજીત રકમ | ૧) બનાની રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) સમય મર્યાદા<br>૪) રજીસ્ટ્રેશન |
|---|---|---|
| ઓપરેશન, મેઈન્ટેનન્સ એન્ડ રીપેર્સ ઓફ સીવીલ સ્ટ્રક્ચર, એમ.એસ. પાઈપ લાઈન ઈન્ક્લુડીંગ પ્રોપર સપ્લાય ઓફ વૉટર ટુ ઓલ આઉટલેટ રીક્વાયર્ડ એન્ડ મેઈન્ટેનન્સ ઓફ રેકર્ડસ ઈ.ટી.સી. અંડર ધ પ્રોજેક્ટ પિયજ-ધરોઈ પાઈપલાઈન ફોર પિયજ, લોદરા એન્ડ રામપુરા પંપીંગ સ્ટેશન. | ૧૪૯૧૭૧૩૦.૦૦ | ૧) ૧૪૯૨૦૦/-<br>૨) રૂ. ૩૬૦૦/-<br>૩) ૧૨ માસ<br>૪) 'સી' અને ઉપરની |

ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૧૦/૮/૨૦૧૭થી ૧૮/૮/૨૦૧૭ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. ટેન્ડર ડૉક્યુમેન્ટ ટેન્ડર ફી, સોલવંશી ઓછામાં ઓછી ટેન્ડર રકમના ૨૦% કેલેન્ડર વર્ષ-૨૦૧૭ની અને ઈ.એમ.ડી. (ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખથી ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની જોડવી) રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા. ૧૯/૮/૨૦૧૭થી તા. ૨૪/૮/૨૦૧૭ સમય ૧૮.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. ટેન્ડર ખોલવાની તા. ૨૮/૮/૨૦૧૭ ૧૨.૦૦ કલાકે છે. (જો શક્ય હશે તો) વધુ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે.

કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનો રહેશે.

માહિતી/૧૩૦૧/૧૭-૧૮

**હાર્દિક અભિનંદન**



ચિ. હર્ષ શક્તિદાન ગઢવીને ધો.૧૦માં ૯૯.૯૨ પર્સેન્ટાઈલ મેળવવા બદલ હાર્દિક અભિનંદન સહ...

લી.
અખિલ ગુજરાત ચારણ-ગઢવી સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર